અપીલ અરજી નં.૮૦ તા.૯–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૬–૪–૧૧ ની અરજીથી એસયુસી/ આ.નં.૧૯૧૨ તા.૨૩–૩–૧૧ ના રોજ આપેલ જવાબમાં દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ફુટપાથ છે? અગર ફુટપાથ બનાવેલ છે એવી ખાતરી કરાવી આપો વર્ષોથી દલિત વસાહતના દરવાજાની સામે પડેલી હાથલારીનું બાયોમેટ્રીકસ સર્વે થયેલ છે. ભારતી બૌધ્ધ મહાસભાનું કાર્યાલય પાછળના બોર્ડનું સર્વે કરેલ નથી વિગેરે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૯–૫–૧૧ ની **SMC/FAP/** નં.૮૦/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૬–૪–૧૧ ની અરજીથી એસયુસી/આ.નં.૧૯૧૨ તા.૨૩–૩–૧૧ ના રોજ આપેલ જવાબમાં દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ફુટપાથ છે? અગર ફુટપાથ બનાવેલ છે એવી ખાતરી કરાવી આપો વર્ષોથી દલિત વસાહતના દરવાજાની સામે પડેલી હાથલારીનું બાયોમેટ્રીકસ સર્વે થયેલ છે. ભારતી બૌધ્ધ મહાસભાનું કાર્યાલય પાછળના બોર્ડનું સર્વે કરેલ નથી વિગેરે માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે નિતીની વિગતો રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૬ તા.૨૪–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ) તથા અરજદારને અપીલ અરજીમાં નિર્દિષ્ટ એસયુસીના તા.૨૩–૩–૧૧ ના પત્ર નં.૧૯૧૨ ની પત્રની નકલ રજૂ કરવા સાથે માંગેલ સ્પષ્ટ માહિતી સામે મળેલ અને નારાજગીની વિગતો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૩૬૬ તા.૯–૬–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારનેપત્ર નં.એસયુસી/૧૯૧૨ તા.૨૩–૩–૧૧ ના રોજ આપેલી માહિતી અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, વરાછાઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૧૦ તા.૮–૪–૧૧ થી કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરેલ પત્રની નકલ, બીપીએલ કાર્ડની નકલઅત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો રજુ કરેલ નથી.

અરજદારની તા. ૬–૪–૧૧ની અરજીથી એસયુસી/આ.નં.૧૯૧૨ તા.૨૩–૩–૧૧ ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં જણાવવાનું કે દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ફુટપાટ છે? અગર ફુટપાથ બનાવેલ છે એવી ખાતરી કરાવી આપો આવા ખોટા બહાના કરી જવાબદારીમાંથી છટકી જવા માટે ખોટો જવાબ આપેલ છે તે અરજદારને મંજુર નથી એની નોંધ લ ેશો. દલિત વસાહતમાં વર્ષોથી દરવાજાની સામે પડેલી હાથલારીનું બાયોમેટ્રીકસ સર્વે થયેલ છે.તો આ ભારતી બૌધ્ધ મહાસભાનું કાર્યાલય પાસેનું બોર્ડનું સર્વે કરેલ છે અને ભારતીય બૌધ્ધ મહાસભાના કાર્યાલયની નોંધ માટે ફુટપાથના બહાના બતાવી છટકી જવું આ કયા કાયદામાં છે? વિગેરે માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્ર ેડેશનસેલને સંબોધતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. વરાછાઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૧૦ તા.૮–૪–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશનસેલને સંપૂર્ણ અરજી તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે માંગેલી માહિતી ૩૦ દિવસની સમય મર્યાદામાં મળેલ નથી તેવું જણાવી ડે.કમિ. (સ્પે.) સુરત મહાનગપાલિકા અપીલ અધિકારીને સંબોધતી અપીલ વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. અરજદારે તેમની મુળ અરજીમાં એસયુસી/આ.નં.૧૯૧૨ તા.૨૩–૦૩–૧૧ ની અરજીમાં આપેલ જવાબ દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ફુટપાથ છે અગર ઝુંપડપટ્ટીમાં ફુટપાથ બનાવેલ છે તો એવી ખાતરી કરી આપો કે આવા ખોટા બહાના કરી જવાબદારી માંથી છટકી જવા ખોટો જવાબ આપેલ છે તેવી મુળ અરજીમાં જણાવેલ વિગત જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે અત્રે પૂરક વિગતોમાં પત્ર નં.એસયુસી/૧૯૧૨ તા.૨૩–૩–૧૧ ના પત્રમાં " ભારતીય બૌધ્ધ મહાસભાનું બોર્ડ ત્યાં ઝુંપડાની આગળ ફુટપાથ જેટલી જગ્યા છોડી આગળથી લાગેલ છે કોઈ એક ઝુંપડાની બહાર લાગેલ નથી. દલિત વસાહત ઝુંપડા નં.૧૧ ૦,૧૧૨ ની વચ્ચે લાગેલ છે જેની કોઈ નોંધ બાયોમેટ્રીકસ સર્વેમાં કરવામાં આવી નથી. ઉપરોકત ઝુંપડપટ્ટીનું બાયોમેટ્રીકસ સર્વે સ્માર્ટ ચીપ લી., ગાંધીનગરના સ્ટાફ મારફત કરવામાં આવેલ છે. જેના સ્ટાફનો મોબાઈલ નં.૯૮૨૪૧ ૩૫૬૭૬છે. તેવું જણાવેલ છે. તેમ છતાં અરજદારે પુનઃ વિગતો માંગતી અરજી કરતાં તેની વિગતો પણ જાહેર માહિતી અધિકારી તરફથી

એસયુસી/આ.નં.૧૬૯ તા.૬–૫–૧૧ થી " સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર નં.એસયુસી/આ.નં.૧૯૧૨, તા.૨૩–૩–૧૧ થી ભારતીય બોધ્ધ મહાસભાનું બોર્ડ ત્યાં ઝુંપડાની આગળ ફુટપાથ જેટલી જગ્યા છોડી આગળથી લાગેલ છે તેવો ઉલ્લેખ છે. તેમાં ફુટપાથ બનાવેલ છે તે બાબતની કોઈ માહિતીનો ઉલ્લેખ નથી. ભારતીય બૌધ્ધ મહાસભાના કાર્યાલય પાસેના બોર્ડનું તથા તૂટેલ ચાર પૈંડાવાળી હાથલારીનું બાયોમેટ્રીકસ સર્વે સ્લમ અપગ્રેડેશન વિભાગ મારફત કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૬–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,